# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, જુનાગઢ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ

સર્કલ ઓફીસ, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, એમ.જી.રોડ, જુનાગઢ – ૩૬૨૦૦૧

ફોન નં. : ૦૨૮૫ – ૨૬૨૨૧૬૭/૨૬૫૭૮૭૭ **website : forumjunagadh.pgvcl@gebmail.com**

**CIN:U40102GJ2003SGC042908**


પીજીવીસીએલ/સીજીઆરએફ/૪૬/ક્વા-૦૨/૨૦૨૦-૨૧/૯૬ તા.૨૯.૧૦.૨૦૨૦

૨૦૦૩ના ભારતીય વીજળી અધિનિયમની કલમ નં. ૪૨(૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ જુનાગઢના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**No. PG – ૪૬/ક્વા-૦૨/૨૦૨૦-૨૧**

અરજદાર: શ્રી ચૌહાણ રાજાભાઈ પુંજાભાઈ ગામ – માથા સુરીયા

સબડીવીઝન: આંકોલવાડી

### :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર: કાર્યપાલક ઈજનેર પીજીવીસીએલ વિભાગીય કચેરી વેરાવળ

### :: કોરમ ::

| | | |
|---|---|---|
| ૧) ચેરપર્સન | : | શ્રી બી.પી.બુચ |
| ૨) મેમ્બર સ્વતંત્ર | : | શ્રી એન.એસ.પંડયા |
| ૩) મેમ્બર ટેકનીકલ | : | શ્રી કે.વી.ભટ્ટ |

સુનાવણી સ્થળ- પીજીવીસીએલ, વર્તુળ કચેરી, જુનાગઢ

તારીખ: શુક્રવાર (૦૯.૧૦.૨૦૨૦)

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૦૯.૧૦.૨૦૨૦ (શુક્રવાર) નાં રોજ રાખવામાં આવેલ હતી.જેમાં ઉપર મુજબ બને પક્ષકારો હાજર રહેલ હતા.

### :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે, અમો અરજદાર શ્રી ગામ માથા સુરીયા ના રહેવાસી અતિ ગરીબ અભણ ખેડૂત ખાતેદાર છે અમો ખેતી કરીને ગુજરાન ચલાવીએ છીએ અમારી ખાતાની જમીન ગામ ગુણવંતપુર ખાતે આવેલી છે જે અમો બન્ને ભાઈઓ દસ વર્ષથી અલગ થયેલ છે અમો બન્ને ભાઈઓએ ૧૨ વીઘા જમીન વિભાજન કરેલ છે ૬ વીઘા મારા ભાગે આવી અને ૬ વિધા મારા ભાઈના ભાગે આવેલ છે મારા કુવા ઉપર વીજ કનેક્શન મારા સ્વખર્ચે લીધેલ છે મારા અંગત

ટ્રાન્સફોર્મર ડાયરેક્ટ લંગરિયા જોઇન્ટ કરીને બાબુ પૂજા એ કુવામાં મોટર પંપ મૂકીને પાવર ચોરી કરી હતી મેં તારીખ ૧૧/૧૨/૨૦૧૮ ના રોજ આકોલવાડી ને અરજી આપેલ ઈજનેર સાહેબ બાબુ પૂજાને પાવરચોરી કરતા રંગેહાથ ઝડપેલ તેમ છતાં સાહેબે બાબુ પૂજા સામે કોઈપણ જાતની કાર્યવાહી કરેલ નથી બાબુ પૂજાએ ટ્રાન્સફોર્મર માં થી ડાયરેક્ટ લંગરીયા તારીખ ૦૧/૧૨/૨૦૧૮ થી તારીખ ૧૫/૦૭/૨૦૧૯ પાવર ચોરી કરી હતી બાબુ પૂજાએ પાવર ચોરી કરીને ઈજનેરસાહેબના સહકારથી તારીખ ૨૯/૧૦/૨૦૧૯ના રોજ બાબુ પૂજા ચૌહાણે મારા અંગત ખેતીવાડીના વીજ કનેકશનના મીટરના કેબલ વાયર છોડીને બળજબરીથી પોતાનો કેબલ વાયર જોઇન્ટ કરીને અમારા અંગત મીટર માંથી વીજચોરી કરે છે અને મોટર પંપ ચાલુ કરી હતી. તારીખ ૩૦/૧૦/૨૦૧૯ ના રોજ પીજીવીસીએલ સબ ડિવિઝન આંકોલવાડી ને અરજી આપેલ છે પરંતુ ઈજનેર સાહેબે અરજી નો છૂટો ઘા કરીને અરજી ફગાવી દીધી કે મારે તમારી કોઈ ફરિયાદ સાંભળવી નથી સાહેબ કહે છે કે બાબુ પૂજા ના છોકરા નાના છે એટલે ભલે મોટર પંપ ચલાવે તારીખ ૦૩/૧૨/૨૦૧૯ ના રોજ શ્રી કાર્યપાલક ઈજનેર સાહેબ વિભાગીય કચેરી વેરાવળ ને અરજી આપેલ જેની ઝેરોક્ષ નકલ અરજી સાથે રજુ કરું છું તારીખ ૦૨/૦૭/૨૦૧૯ ના રોજ અમારા ખેતર સ્થળ ઉપર ઈજનેર સાહેબ તપાસ કરવા આવ્યા તેમણે બાબુ પુંજાએ કેબલ વાયર છોડીને મોટર પંપ ચાલુ કરેલ તે રંગેહાથે ઝડપેલ તેમ છતાં બાબુ પુંજા સામે કોઈ પણ જાતની કાર્યવાહી કરેલ નથી પેટા વિભાગીય કચેરી આકોલવાડી ના ઈજનેર સાહેબ તગડા વીજ બીલ ફટકારે છે. દર બે મહિને બિલ આવે છે રૂપિયા ૮૩૬/- જે બિલ ની નકલ આ અરજી સાથે રજુ કરું છું અમારા ઘરનું નવું વીજ કનેક્શન પાસ થયેલ છે તેમ છતાં ઈજનેરસાહેબ ઘર મીટર આપતા નથી સાહેબ કહે છે કે બાબુ પુંજા એ બીજી મોટર પંપ ચાલુ કરી હતી તેમનો દંડ ભરપાઈ કરો રૂ. ૨૭૦૦/- પછીજ તમારું ઘર મીટર આપી જશું. તારીખ ૨૪/૦૮/૨૦૧૯ ના રોજ આંકોલવાડીમાં રૂપિયા ૨૭૦૦/- પુરા ભરપાઈ કરેલ છે જેનો નકલ અરજી સાથે રજુ કરું છું અમારા ઉપર ઈજનેરસાહેબ માનસિક ત્રાસ અને અત્યાચાર શાં માટે ગુજારે છે અમારો શું વાંક ગુનો છે અમો અભણ અજ્ઞાની છે એટલે, અમારા ઘર મીટર નવા વીજકનેક્શન પાસ કરવા ટિકિટ ભાડા આશરે રૂ.૧૨૦૦/- નો ખર્ચ લાગ્યો જેની નકલ અરજી સાથે રજુ કરું છું મારા ઘર મીટર નવા વીજ આપવા નમ્ર વિનંતી છે મારી પાસેથી તગડા વીજબિલ લીધેલ તથા બિન કાયદેસર દંડ વસૂલ કરેલ તે વળતર આપવા નમ્ર વિનંતી.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 ઉપરોક્ત વિષય તથા સંદર્ભેના અનુસંધાને જણાવવાનું કે શ્રીમતી રાનીબેન રાજાભાઈ ચૌહાણ દ્વારા અગાઉ આપની ગુણપુર ખાતે આવેલ જમીનમાં બાબુભાઈ પુંજાભાઇ ચૌહાણ બળજબરી પૂર્વક તમારા ટી.સી.માં ડાયરેક્ટ લંગરિયા નાખી પાવર ચોરી કરવાની અરજી કરેલ હતી જે પરથી નાયબ ઇજનેર આંકોલવાડી તા. 02.07.2020 ના રોજ સ્થળ પર ઉપસ્થિત થતાં આપશ્રી તથા બાબુભાઇ પુંજાભાઇ ચૌહાણ હાજર હતા સ્થળ પર સદર જમીનમાં હયાત ટ્રાન્સફોર્મર માં કોઈ લંગરિયું જોવા મળેલ ન હતું.

3.૧ પરંતુ રાજાભાઈ પુંજાભાઇ ચૌહાણના હયાત ખેતીવાડી (A2) વીજ જોડાણ ગ્રા.ન.88412/00474/4 5.0 હો.પા.લોડ સાઇડ માથી ટ્રાન્સફોર્મર નજીક આવેલ સયુંક્ત કૂવામાં બંને ભાઇઓની 5.0 હો.પા. ની અલગ –અલગ મોટર,કુલ બે મોટર નો વીજ વપરાશ થતો માલૂમ પડેલ હતો.જેથી ચેકિંગ સીટ ન.3667 તા 02.07.2020 થી ભરેલ હતી તેમજ આપશ્રી ને સદર બાબતનું લોડ વધારાનું પુરવણી બિલ રૂ.2426.68 નું આપવામાં આવેલ. જે પુરવણી બિલ આપશ્રી એ ભરપાઈ કર્યા વિના તા.21.07.2020 ના રોજ આપના નામની ઘર વપરાશ હેતુ માટે ના માથાસૂરિયા ગામમાં વીજ જોડાણ ઝૂપડપટ્ટી સ્કીમમાં અરજી કરેલ હતી.પરંતુ આપનું સદર વીજ જોડાણ ન.88412/004744 નું વીજ બિલ ભરપાઈ થયેલ ના હોવાથી આપશ્રી ને કંપનીના નિયમ મુજબ નવું વીજ જોડાણ આપી શકાય એમ ન હતું. પરંતુ સદર બિલ આપશ્રી એ તા 24.08.2020 ના રોજ ભરપાઈ કરતાં આપશ્રી ના ઘર વપરાશ હેતુ નું વીજ જોડાણ તા 08.09.2020 ના રોજ લગાડી આપેલ છે.

3.૨ વિશેષ માં આપશ્રી ને જણાવવાનું કે કંપની ના પ્રવર્તમાન નિયમ મુજબ કચેરી દ્વારા મીટર રીડિંગ કરી બિલ આપવામાં આવે છે. આમ છતાં જો આપશ્રી ને આપના બિલની રકમ વધારે લાગતી હોય તો અંકોલવાડી પેટા વિભાગીય કચેરીનો સંપર્ક કરવા આ સાથે જણાવવામાં આવે છે.

## :: હુકમ ::

૪.૦ અરજદારશ્રી દ્વારા કરેલ મૌખીક તેમજ લેખીત રજૂઆત તથા સામાંવાળાની મૌખીક રજૂઆત અને રજૂ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ નીચે મુજબના નિર્ણય ઉપર આવેલ છે.

૪.૧ અરજદારશ્રી દ્વારા સદર કેશ માં લોડ વધારા નું પાવર ચોરી નું બીલ આપવામાં આવેલ છે અને જે તેઓશ્રી દ્વારા ભરપાઈ કરેલ છે.જે કંપની ના નિયમ મુજબ કાર્યવાહી થયેલી છે.

૪.૨ અરજદારશ્રી દ્વારા ઘર વપરાશ માટે નવા કનેક્શન ની માંગણી કરવામાં આવેલી હોય અને પીજીવીસીએલ કંપની દ્વારા નિયમ મુજબ કનેક્શન આપવા માં આવેલ છે.

૪.3 સદર બાબતે અરજદારશ્રી ની રજૂઆત મુજબ સામાવાળા પક્ષે નિયમ મુજબ તાંત્રિક કામગીરી કરવા માટે અત્રે ના ફોરમ દ્વારા હુકમ કરવામાં આવે છે.

૪.૪ આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| શ્રી એન.એસ.પંડયા | શ્રી કે.વી.ભટ્ટ | શ્રી બી.પી.બુચ |
| સ્વતંત્ર સભ્ય | મેમ્બર (ટેકનીકલ) | ચેરપર્સન |

**નોંધ:-**

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન-30 માં વિધુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે.આ સાથે વિધુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિધુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો'૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદિએ જરૂરી હોય તો ફોરમ ના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચુકવણીની સાબિતી રજૂ કરી હોય,તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(૩) લોકપાલ નું સરનામું : વિધુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનિક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫.ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯